પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૧ | ૨૨ માર્ચ, ૨૦૧૮, ગુરૂવાર ; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ટુ જી મામલે રાજા-કનીમોઝીને નોટીસ**

એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ અને સીબીઆઈએ દિલ્હી હાઈકોર્ટમાં કરેલી અરજી બાદ ટુ જી મામલે હાઈકોર્ટે એ.રાજા અને કનીમોઝીને નોટીસ પાઠવી છે.

**ઉત્તરપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજ બબ્બરનું રાજીનામુ**

ઉત્તર પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ રાજ બબ્બરે પોતાના પદ પરથી અચાનક જ રાજીનામું ધરી દીધું છે. જોકે હજી સુધી રાજ બબ્બરનું રાજીનામું સ્વિકારવામાં આવ્યુ નથી.

**તમિલનાડુમાં ભાજપ નેતાની કાર પર પેટ્રોલ બોમ્બ ફેંકાયો**

તમિલનાડુના કોયંબટૂરમાં બીજેપીના જિલ્લા સચિવની કાર પર આજે સવારે પેટ્રોલ બોંબથી હુમલો કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટના તેમના ઘર પર લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે.

**ટ્રાફિક નિયમ ભંગ કરનારને ૧૦૦ના દંડ સાથે નવી હેલમેટ ફ્રી!**

મૈસુરમાં ટ્રાફિક નિયમ ભંગ કરનારાઓને હેલમેટ પહેરવાનો આગ્રહ કરવા માટે અનોખા અભિયાનમાં ટ્રાફિક પોલીસે હેલમેટ વિના જતા બાઈક સવારો પાસેથી ૧૦૦નો દંડ વસુલે છે અને તેના બદલામાં નવી હેલમેટ ગિફ્ટ આપે છે.

**કાબુલમાં ભીષણ બોમ્બ બ્લાસ્ટ**

અફઘાનિસ્તાનના કાબુલમાં ભીષણ બોમ્બ બ્લાસ્ટમાં ૨૬ લોકોના મૃત્યુ નિપજ્યા છે.

# દેશમાં વધુ એક બેંક કૌભાંડ

## કનિષ્ક ગોલ્ડની ૧૪ બેંકની સાથે ૮૨૪ કરોડથી વધુની છેતરપિંડી






**સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ જ્વેલરી ચેઇન કનિષ્ક ગોલ્ડ સામે ફરિયાદ કરીને સીબીઆઇ તપાસની માંગ કરી : માલિક અને પ્રમોટર દંપત્તિ હાલ વિદેશમાં**

ચેન્નાઈ,તા. ૨૧

પંજાબ નેશનલ બેંકમાં દેશના સૌથી મોટા લોન કૌભાંડની તપાસ વચ્ચે વધુ એક જ્વેલરી કંપનીનો બોંકિંગ કૌભાંડ સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જ્વેલર ચેઈન કનિષ્ક ગોલ્ડ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૮૨૪.૧૫ કરોડના લોન ફ્રોડને લઈને સીબીઆઈ પાસેથી તપાસની માંગ કરી છે. કનિષ્કની રજિસ્ટર્ડ ઓફિસ ચેન્નાઈમાં છે. આના માલિક અને પ્રમોટર-ડિરેક્ટર ભૂપેશકુમાર જૈન અને નીતા જૈન છે.

● અનુસંધાન પાન-૭ પર

## પંજાબમાં ત્રાસવાદી પ્રવૃત્તિ પુનઃ સજીવન થવાના અણસાર

પંજાબમાં આતંકવાદી ગતિવિધિને ફરી સજીવન કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. આ અંગેના સંકેત પહેલા પણ મળી ચુક્યા છે. પંજાબમાં દશકો સુધી આતંકવાદી ગતિવિધિ ચાલી હતી. આ આતંકવાદી ગતિવિધિના કારણે પંજાબને અભૂતપૂર્વ નુકસાન થયું હતું. આતંકવાદીઓ પંજાબી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા હતા. પંજાબમાં આતંકવાદી ગતિવિધિનો અંત લાવવામાં ખુબ સમય લાગ્યો હતો. હવે ફરી એકવાર પંજાબમાં આતંકવાદી ગતિવિધિને સજીવન કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. ભૂતકાળમાં ગુરદાસપુરની અંદર એક ત્રાસવાદી હુમલો કરીને પ્રયાસ પણ કરવામાં આવી ચુક્યો છે. આ ઉપરાંત પઠાણકોટમાં એરબેઝ ઉપર પણ ભીષણ હુમલો ત્રાસવાદીઓ દ્વારા થોડાક વર્ષ પહેલા કરવામાં આવ્યો હતો જે સંકેત આપે છે કે, પંજાબમાં આતંકવાદી ગતિવિધિઓને સજીવન કરવાના તમામ પ્રયાસ પાકિસ્તાન તરફથી થઇ રહ્યા છે.

## કુપવારામાં અથડામણમાં પાંચ જવાન શહીદ

**અથડામણમાં પાંચ ત્રાસવાદીઓને પણ ઠાર કરાયા : વિસ્ફોટકો જપ્ત : હલમતપોરામાં સાત ત્રાસવાદીઓ હોવાની માહિતી મળ્યા બાદ ઓપરેશન હાથ ધરાયું : કમાન્ડોની સહાયતા લેવાઈ**

શ્રીનગર,તા. ૨૧

જમ્મુ કાશ્મીરના કુંપવારામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં ચાર જવાન શહીદ થઇ ચુક્યા છે. મંગળવારે આ અથડામણ શરૂ થઇ હતી. જે આજે પણ જારી રહી હતી. ગઈકાલે ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ઓપરેશન હજુ પણ ચાલી રહ્યું છે. મળેલી માહિતી મુજબ હલમતપોરા વિસ્તારમાં આ અથડામણ થઇ છે જેમાં જમ્મુ કાશ્મીર પોલીસના બે જવાન અને સેનાના બે જવાન શહીદ થયા છે. એન્કાઉન્ટરમાં બે જવાન ઘાયલ પણ થયા છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ રાજેશ કાલિયાએ કહ્યું છે કે, સેના અને એસઓજીની સંયુક્ત ટીમે આતંકવાદીઓ સામે ઓપરશન હાથ ધર્યું હતું. ઓપરેશન વેળા ત્રાસવાદીઓએ એકાએક અંધાધૂંધી ગોળીબાર કરી દીધો હતો. આ ઓપરેશનમાં સેનાના પેરા કમાન્ડોની મદદ પણ લેવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરના ડીજીપી વેદે કહ્યું છે કે, કુંપવારામાં અથડામણ સ્થળથી ચોથા ત્રાસવાદીનો મૃતદેહ મળી આવ્યો છે. હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો. સાત ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની બાતમી મળ્યા બાદ ઓપરેશન હાથ ધરાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## આઈઓસી દ્વારા પુણેમાં ડિઝલની હોમ ડિલિવરીની પ્રાયોગિક શરૂઆત

**ડિઝલ ભરનાર મશીનને ટ્રકમાં સ્થાપિત કરાયું : પેટ્રોલ પમ્પની જેમ જ મશીન સંપૂર્ણપણે કામ કરશે : આગામી દિવસોમાં ક્ષેત્ર વધારાશે**

નવીદિલ્હી,તા. ૨૧

જાહેર ક્ષેત્રની કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને પુણેમાં ડિઝલની હોમ ડિલિવરીની પ્રાયોગિક શરૂઆત કરી દીધી છે. કંપનીના ચેરમેન સંજીવ સિંહે આજે આ મુજબની માહિતી આપી હતી. કંપનીએ આના માટે ડિઝલ ભરનાર મશીનને એક ટ્રકમાં મુકી દીધી છે. આ મશીન એવી જ રીતે કામ કરે છે જે રીતે પેટ્રોલ પંપ ઉપર મશીનો કામ કરે છે. ટ્રકમાં એક ટાંકી પણ મુકી દેવામાં આવી છે જેના મારફતે શહેરના લોકોને ડીઝલની હોમ ડિલિવરી કરવામાં આવશે. તેમણે કહ્યું છે કે, પેટ્રોલિયમ અને વિસ્ફોટક સુરક્ષા સંગઠન પેસોની મંજુરી મળી ગયા બાદ આ પ્રકારની સેવા શરૂ કરનાર પ્રથમ કંપની બની ગઈ છે.

કંપનીએ કહ્યું છે કે, હાલમાં આને પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી છે પરંતુ આગામી દિવસોમાં આને પ્રયોગ સફળ થયા બાદ અન્ય ક્ષેત્રોમાં પણ લંબાવવામાં આવશે. ત્રણ મહિનાની પરીક્ષણ અવધિમાં પ્રાપ્ત થનાર અનુભવના આધાર પર અન્ય શહેરોમાં આની શરૂઆત કરવામાં આવશે. પેટ્રોલની પણ હોમ ડિલિવરી ટૂંક સમયમાં જ શરૂ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## ઈરાકથી ભારતીયોના મૃતદેહ લાવવામાં ૮-૧૦ દિવસો લાગશે

નવી દિલ્હી,તા. ૨૧

ઈરાકમાં આઈએસના હાથે માર્યા ગયેલા તમામ ભારતીયોના મૃતદેહોને ભારત લાવવા માટેની તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. જો કે હજુ ભારતીયોના મૃતદેહને ભારત લાવવામાં ૮-૧૦ દિવસનો સમય લાગી શકે છે. વિમાન ભારતીયોના મૃતદહેને લઈને પહેલા પંજાબ જશે. ત્યારબાદ બિહાર અને પશ્ચિમ બંગાળ જશે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે ઈરાકમાં લાપત્તા થયેલા ૩૯ ભારતીયોના મોતને ગઈકાલે સમર્થન આપતા દેશમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. ૩૯ ભારતીયોના મોતના અહેવાલને ગઈકાલે સમર્થન આપી દેવામાં આવ્યું હતું. વિપક્ષના પ્રહાર બાદ સુષ્મા સ્વરાજે આના જવાબ આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ૩૯ પૈકી ૩૮ મૃતદેહને લાવવા માટે વિદેશ રાજ્યમંત્રી જનરલ વીકે સિંહ ઈરાક જશે. સુષ્મા સ્વરાજ લોકસભામાં ઈરાકમાં માર્યા ગયેલા

● અનુસંધાન પાન-૭ પર

## સોફ્ટવેરને અપડેટ કરવાનું હોવાથી આવતીકાલથી આધારકાર્ડ બનાવાનું બંધ

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશભરમાં ૨૩ માર્ચે આધાર કાર્ડ બનાવવાની પ્રોસેસ ઠપ થઈ જશે. આધાર કાર્ડ બનાવતી સંસ્થા યુઆઈડીએઆઈએ જણાવ્યું કે આધાર સાથે જોડાયેલ સોફ્ટવેરને અપડેટ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે તમામ આધાર કેન્દ્રોને સૂચના આપવામાં આવી છે કે ૨૩ માર્ચથી આધાર કાર્ડ બનાવવાની પ્રક્રિયા બધં રહશે.

આધાર કાર્ડ બનાવવા માટે એક ખાસ પ્રકારના સોટવેરનો ઉપયોગ કરવામાં આવે છે. આ સોટવેર દ્વારા આંખના રેટિના અને ફિંગર સ્કેન કરવામાં આવે છે. વ્યકિતનું નામ અને સરનામું પણ રજિસ્ટર કરવામાં આવે છે.

અપડેટ થઈ જાય ત્યાં સુધી આધારનું કામ બધં રહેશે. આ સોટવેરને અપડેટ કરવા માટે કેટલો સમય લાગશે તે અંગે કોઈ સ્પષ્ટ નથી. સૂત્રો પ્રમાણે થોડોક સમય લાગી શકે છે.













